Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# આર. કે. યુનિવર્સિટી રાજકોટના સંશોધકો દ્વારા ઈ-જર્નલ્સનો ઉપયોગ – એક સર્વેક્ષણ

Use of e-journals by research scholars of RK University, Rajkot. – A Survey

**Dr. Jayesh N. Jadav**
Librarian, Smt. S. J. Varmora BBA & BCA Mahila College, K. P. Boarding Campus, 60 Feet Road,
Surendranagar – 363002. Mob – 99257 35200
E-mail – librarianjayeshjadav@gmail.com

***સારાંશ:*** *પ્રસ્તુત અભ્યાસમાં આર. કે. યુનિવર્સિટી રાજકોટના સંશોધકો દ્વારા થતા ઈ-જર્નલ્સના ઉપયોગનો અભ્યાસ કરવાનું ધ્યેય હતું. પ્રસ્તુત અભ્યાસમાં ઈ-જર્નલ્સના ઉપયોગકર્તાઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરેલ હતી. પ્રાપ્ત સંખ્યાત્મક માહિતીનું અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું અને તારણો મેળવવામાં આવ્યા હતા. આ અભ્યાસ દ્વારા સંશોધકો કયા હેતુ માટે ઈ-જર્નલ્સનો ઉપયોગ કરે છે તેમની શોધ પ્રયુક્તિઓ કેવી છે તેમને ઈ-જર્નલ્સના ઉપયોગ સમયે કેવી કેવી મુશ્કેલીઓ પડે છે વિગેરે બાબતો જાણવા મળી હતી.*

***ચાવીરૂપ શબ્દો: ઇલેક્ટ્રોનિક જર્નલ્સ, ઈ-રિસોર્સ, સંશોધકો, યુનિવર્સિટી***

## પ્રસ્તાવના

માનવ સંસ્કૃતિના વિકાસની સાથે સાથે વિશ્વની ક્ષિતિજો પણ વિસ્તાર પામતી રહે છે. ગ્રંથાલયો પણ સામાજિક વિકાસની સાથે પરિવર્તિત થતા રહ્યા છે. માનવી જ્ઞાનના આદાન પ્રદાન તથા સંગ્રહ માટે આદિકાળમાં સાંકેતિક પ્રયોગોનો સહારો લેતો હતો. કાગળ અને મુદ્રણકળાની શોધને કારણે જ્ઞાન ગ્રંથ સ્વરૂપે પણ સંગ્રહાવા લાગ્યું. આધુનિક ટેકનોલોજિકલ યુગમાં આ જ્ઞાન ગ્રંથ ઉપરાંત અગ્રંથ સ્વરૂપે પણ સંગ્રહાવા લાગ્યું છે. કમ્પ્યૂટર અને કમ્યુનિકેશન ટેકનોલોજિના આવિષ્કારથી જ્ઞાનની ક્ષિતિજો વિસ્તાર પામી છે. પ્રવર્તમાન સમયમાં શૈક્ષણિક ગ્રંથાલયોમાં પરંપરાગત માહિતી સ્રોતોની સાથે-સાથે જ ઈ-બુક્સ, ઈ-જર્નલ્સ, ડેટાબેસીસ વગેરે વિજાણુકીય માહિતી સ્રોતો વસાવવામાં આવે છે. કોઈપણ ગ્રંથાલય માટે તેના ઉપયોગકર્તાઓ એક મહત્વનું અંગ છે. આ ઉપયોગકર્તાઓને જોઈતી માહિતી સરળતાથી અને ઓછામાં ઓછી સમય મર્યાદામાં મળી રહે તે અગત્યનું છે. મુદ્રિત માહિતી સ્રોતોની સરખામણીમાં વિજાણુકીય માહિતી સ્રોતોમાં માહિતીનો સંગ્રહ વધારે પ્રમાણમાં થઇ શકે છે. માહિતી ખૂબ જ ઝડપથી વાચકને પ્રાપ્ત થતી હોવાથી અદ્યતન માહિતી મળી શકે છે.

## સંશોધનના હેતુઓ

(૧) ઈ-જર્નલ્સના ઉપયોગકર્તા (સંશોધકો) નો અભ્યાસ કરવો.

(૨) સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરતા હોય તો, તેના કારણો જાણવા.

(૩) સંશોધકોની ઈ-જર્નલ્સમાંથી મળતી માહિતી પ્રાપ્તિ માટેની શોધ પ્રયુક્તિઓ જાણવી.

(૪) સંશોધકોની ઈ-જર્નલ્સમાંથી મળતી માહિતીના ઉપયોગના હેતુઓ જાણવા.

(૫) સંશોધકોને ઈ-જર્નલ્સનો ઉપયોગ દરમ્યાન પડતી મુશ્કેલીઓ જાણવી.

**સંશોધનનું ક્ષેત્ર:** અભ્યાસમાં ઉપયોગકર્તાને કેન્દ્રમાં રાખીને ઉપયોગકર્તાનો અભ્યાસ કર્યો હતો. જેથી

પ્રસ્તુત અભ્યાસ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં સમાવિષ્ટ તમામ સંશોધન ક્ષેત્રમાંથી ઉપયોગકર્તા અભ્યાસ ક્ષેત્રને સ્પર્શે છે.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાં આર. કે. યુનિવર્સિટીના ઈ-જર્નલ્સના ઉપયોગકર્તા (સંશોધકો) નો અભ્યાસ કરવાનો ધ્યેય હતો. અહીં પ્રાપ્ત થયેલી માહિતી સંખ્યાત્મક હોવાથી તે સંખ્યાત્મક સંશોધન ગણી શકાય. આમ પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પ્રકારમાં સર્વેક્ષણ પદ્ધતિને અનુસરે છે.

**સંશોધનનું મહત્વ**

આર. કે. યુનિવર્સિટીના સંશોધકો તેમની માહિતી જરૂરિયાત સંતોષવા માટે ઈ-જર્નલ્સનો ઉપયોગ કેટલા પ્રમાણમાં કરે છે તેની જાણકારી મેળવી શકાશે. યુનિવર્સિટી ગ્રંથપાલને ઈ-જર્નલ્સનો કેટલો ઉપયોગ થાય છે તેની માહિતી મળી શકશે. સંશોધકોને ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવામાં જે મુશ્કેલીઓ પડે છે તે જાણી શકાશે અને ભવિષ્યમાં ઈ-જર્નલ્સનો ઉપયોગ વધારવા નીતિ નિર્ધારણમાં મદદરૂપ બની શકશે.

**સંશોધનનો વ્યાપવિશ્વ અને નમૂનો**

આ અભ્યાસનું વ્યાપવિશ્વ આર. કે. યુનિવર્સિટી રાજકોટના સંશોધકો હતા. જેમાં આકસ્મિક નમૂના પસંદગીથી કુલ ૭૦ સંશોધકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન ઉપકરણ**

પ્રશ્નાવલિ, મુલાકાત, અવલોકન, મનોવૈજ્ઞાનિક કસોટી, ક્રમમાપદંડ, ઓળખયાદી વિગેરે ઉપકરણના પ્રકારો છે. આ ઉપકરણ પૈકી સંશોધક પોતાના અભ્યાસ માટે ઉચિત ઉપકરણ નક્કી કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલિ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. કુલ ૭૦ સંશોધકો વચ્ચે પ્રશ્નાવલિ વહેંચવામાં આવી હતી જેમાંથી ૬૨ પ્રશ્નાવલિ ભરાઈને પરત મળી હતી.

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત અભ્યાસમાં આવૃત્તિ વિતરણ અને ટકાવારી જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરી માહિતીને સારણી સ્વરૂપે રજૂ કરવામાં આવી છે, ત્યાર બાદ તેનું વર્ણનાત્મક સ્વરૂપે અર્થઘટન કરવામાં આવ્યું છે, અને અંતમાં માહિતીની આલેખાત્મક રજૂઆત કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

**પ્રશ્ન-૧ તમે ઈ-જર્નલ્સનો ઉપયોગ કરો છો?**


ઈ-જર્નલ્સના ઉપયોગકર્તાઓની ઈ-જર્નલ્સના ઉપયોગના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ નીચે મુજબ સારણી-૧ માં દર્શાવેલ છે.

**સારણી-૧ ઈ-જર્નલ્સના ઉપયોગના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | ઈ-જર્નલ્સનો ઉપયોગ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૪ | ૭0.૯૭% |
| ૨ | ના | ૧૮ | ૨૯.03% |
| કુલ આવૃત્તિ | | ૬૨ | ૧00% |

સારણી-૧ પરથી જોવા મળે છે કે ઈ-જર્નલ્સના ઉપયોગ કરવાના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ ૬૨ સંશોધકોમાંથી ૪૪ (૭0.૯૭%) સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા હતા, જ્યારે ૧૮ (૨૯.03%) સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા ન હતા.

આલેખ-૧ ઈ-જર્નલ્સના ઉપયોગના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ




**પ્રશ્ન-૨ જો (ઉપરના પ્રશ્નનો જવાબ) ના હોય તો, કારણ દર્શાવશો.**


ઈ-જર્નલ્સના ઉપયોગકર્તાઓની ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરવાના કારણના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ નીચે મુજબ સારણી-૨ માં દર્શાવેલ છે.

સારણી-૨ ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરવાના કારણના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ

| ક્રમ | ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરવાનું કારણ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | ભાષાકીય મુશ્કેલી | ૪ | ૨૨.૨૨% |
| ૨ | સમયનો અભાવ | ૪ | ૨૨.૨૨% |
| ૩ | માળખાકીય સુવિધાનો અભાવ | ૩ | ૧૬.૬૭% |
| ૪ | વિષયના ઈ-જર્નલ્સનો લાઇબ્રરિમાં અભાવ | ૭ | ૩૮.૮૯% |
| કુલ આવૃત્તિ | | ૧૮ | ૧૦૦% |

સારણી-૨ પરથી જોવા મળે છે કે ૬૨ સંશોધકોમાંથી ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરતા હોય તેવા સંશોધકોની આવૃત્તિની સંખ્યા ૧૮ હતી. ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરતા હોય તેવા ૭ (૩૮.૮૯%) સંશોધકોને વિષયના ઈ-જર્નલ્સનો લાઇબ્રરિમાં અભાવને કારણે ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા ન હતા. ત્યાર બાદ ક્રમશઃ ૪ (૨૨.૨૨%) સંશોધકો ભાષાકીય મુશ્કેલીના કારણે, ૪ (૨૨.૨૨%) સંશોધકો સમયનો અભાવના કારણે જયારે ૩ (૧૬.૬૭%) સંશોધકો માળખાકીય સુવિધાના અભાવને કારણે ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા ન હતા.

આલેખ-૨ ઈ-જર્નલ્સનો ઉપયોગ ન કરવાના કારણના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ




**પ્રશ્ન-૩ ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી જોઈતી માહિતી શોધવા માટે કઈ શોધ પ્રયુક્તિઓ અજમાવો છો?**


ઉપરોક્ત પ્રશ્નમાં ઉપયોગકર્તાઓની ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી માહિતી શોધવા માટે શોધ પ્રયુક્તિઓની એક કરતાં વધારે પસંદગીને કારણે સંશોધકોની આવૃત્તિ ૬૯ થતી હતી. ઈ-જર્નલ્સના ઉપયોગકર્તાઓની ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી માહિતી શોધવા માટે ઉપયોગમાં લેવાતી શોધ પ્રયુક્તિઓના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ સારણી-૩ માં દર્શાવેલ છે.

સારણી-૩ ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી માહિતી શોધવા માટે શોધ પ્રયુક્તિના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ

| ક્રમ | શોધ પ્રયુક્તિ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | ઈ-જર્નલ્સના નામ દ્વારા | ૧૨ | ૨૭.૨૭% |
| ૨ | લેખના શીર્ષક દ્વારા | ૨૦ | ૪૫.૪૫% |
| ૩ | લેખકના નામ દ્વારા | ૮ | ૧૮.૧૮% |
| ૪ | વિષય દ્વારા | ૧૦ | ૨૨.૭૨% |
| ૫ | ચાવીરૂપ શબ્દો દ્વારા | ૧૪ | ૩૧.૮૨% |
| ૬ | **ISSN No.** | ૫ | ૧૧.૩૬% |
| કુલ આવૃત્તિ | | ૬૯ | |

સારણી-૩ પરથી જોવા મળે છે કે ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી માહિતી શોધવા માટે સંશોધકો દ્વારા જુદી જુદી શોધ પ્રયુક્તિઓ અજમાવવામાં આવતી હતી. તેમાં લેખના શીર્ષક દ્વારા ૨૦ (૪૫.૪૫%) ત્યારબાદ ક્રમશ: ચાવીરૂપ શબ્દો દ્વારા ૧૪ (૩૧.૮૨%), ઈ-જર્નલ્સના નામ દ્વારા ૧૨ (૨૭.૨૭%), વિષય દ્વારા ૧૦ (૨૨.૭૨%), લેખકના નામ દ્વારા ૮ (૧૮.૧૮%) અને ISSN NO. દ્વારા ૫ (૧૧.૩૬%) સંશોધકો માહિતી શોધવા માટે શોધ પ્રયુક્તિઓ અજમાવતા જોવા મળતા હતા.

આલેખ-૩ ઈ-જર્નલ્સ કન્સોર્શિઅમમાંથી માહિતી શોધવા માટે શોધ પ્રયુક્તિના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ




**પ્રશ્ન-૪ ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવા માટેના તમારા હેતુઓ શું છે?**

ઉપરોક્ત પ્રશ્નમાં સંશોધકોના ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવા માટેના એક કરતાં વધારે હેતુઓને કારણે સંશોધકોની આવૃત્તિ ૫૫ થતી હતી. ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવાના હેતુઓના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ સારણી-૪ માં દર્શાવેલ છે.


**સારણી-૪**

**ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવાના હેતુઓના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | ઈ-જર્નલ્સના ઉપયોગના હેતુઓ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | સંશોધન માટે | ૨૮ | ૬૩.૬૪% |
| ૨ | સંશોધન પેપર તૈયાર કરવા માટે | ૧૭ | ૩૮.૬૪% |
| 3 | વિષયની અદ્યતન માહિતીની જાણકારી માટે | ૧૦ | ૨૨.૭૩% |
| કુલ આવૃત્તિ | | ૫૫ | |

સારણી-૪ પરથી જોવા મળે છે કે સંશોધકોના ઈ-જર્નલ્સ ઉપયોગ કરવાના અલગ અલગ હેતુઓ હતા, તેમાં સંશોધન માટે ૨૮ (૬૩.૬૪%), ત્યારબાદ ક્રમશઃ સંશોધન પેપર તૈયાર કરવા માટે ૧૭ (૩૮.૬૪%) અને વિષયની અદ્યતન માહિતીની જાણકારી માટે ૧૦ (૨૨.૭૩%) સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા હતા.

**આલેખ-૪ ઈ-જર્નલ્સનો ઉપયોગ કરવાના હેતુઓના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ**




**પ્રશ્ન-૫ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન તમે કોઈ મુશ્કેલી અનુભવો છો?**


ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન સંશોધકોને અનુભવાતી મુશ્કેલીના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ સારણી-૫ માં દર્શાવેલ છે.

**સારણી-૫ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન અનુભવાતી મુશ્કેલીના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | મુશ્કેલીનો અનુભવ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૬ | ૩૬.૩૬% |
| ૨ | ના | ૨૮ | ૬૩.૬૪% |
| કુલ આવૃત્તિ | | ૪૪ | ૧૦૦% |

સારણી-૫ પરથી જોવા મળે છે કે ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન અનુભવાતી મુશ્કેલીના સંદર્ભમાં ૪૪ ઉપયોગકર્તાઓમાંથી ૨૮ (૬૩.૬૪%) ઉપયોગકર્તાઓ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન મુશ્કેલી અનુભવતા ન હતા, જયારે ૧૬ (૩૬.૩૬%) ઉપયોગકર્તાઓ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન મુશ્કેલી અનુભવતા હતા.

**આલેખ-૫ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન અનુભવાતી મુશ્કેલીના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ**




**પ્રશ્ન-૬ જો (ઉપરના પ્રશ્નનો જવાબ) હા હોય તો, તમને પડતી મુશ્કેલી દર્શાવો.**


ઉપરોક્ત પ્રશ્નમાં ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન સંશોધકોને એક કરતાં વધારે પ્રકારની મુશ્કેલીઓનો અનુભવ કરતા હોવાને કારણે તેમના પ્રતિભાવોની આવૃત્તિની સંખ્યા ૫૫ થતી હતી. ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન સંશોધકોને અનુભવાતી મુશ્કેલીના પ્રકારના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ સારણી-૬ માં દર્શાવેલ છે.

**સારણી-૬ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન અનુભવાતી મુશ્કેલીના પ્રકારના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | મુશ્કેલીનો પ્રકાર | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | અપૂરતી માળખાકીય સમસ્યા | ૪ | ૨૫.00% |
| ૨ | તાલીમનો અભાવ | ૫ | ૩૧.૨૫% |
| ૩ | જૂના ઈશ્યુનો અભાવ | ૧૩ | ૮૧.૨૫% |
| ૪ | લાઇબ્રરિ કર્મચારીનો અસહકાર | ૩ | ૧૮.૭૫% |
| કુલ આવૃત્તિ | | ૨૫ | |

સારણી-૬ પરથી જોવા મળે છે કે ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન સંશોધકો જુદા જુદા પ્રકારની મુશ્કેલીઓનો અનુભવ કરતા હતા. તેમા જૂના ઈશ્યુનો અભાવ ૧૩ (૮૧.૨૫%) ત્યાર બાદ ક્રમશઃ તાલીમનો અભાવ ૫ (૩૧.૨૫%), અપૂરતી માળખાકીય સમસ્યા ૪ (૨૫.૦૦%) અને લાઇબ્રરિ કર્મચારીનો અસહકાર ૩ (૧૮.૭૫%) સંશોધકો ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન મુશ્કેલીનો અનુભવ કરતા હતા.

**આલેખ-૬ ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન અનુભવાતી મુશ્કેલીના પ્રકારના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ દર્શાવતો આલેખ**




**અભ્યાસના તારણો**

આ અભ્યાસના તારણો નીચે મુજબ છે.

(૧) ૭૦.૯૭% સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા હતા.

(૨) ૨૯.03% સંશોધકો ઈ-જર્નલ્સનો ઉપયોગ કરતા ન હતા તેમાં સૌથી વધુ સંશોધકો વિષયના ઈ-જર્નલ્સનો લાઇબ્રરિમાં અભાવને કારણે ઉપયોગ કરતા ન હતા.

(3) ઈ-જર્નલ્સમાંથી મળતી માહિતી પ્રાપ્તિ માટે સૌથી વધુ ૪૫.૪૫.% સંશોધકો લેખના શીર્ષક દ્વારા જયારે ISSN No. દ્વારા સૌથી ઓછા ૧૧.૩૬% સંશોધકો શોધ પ્રયુક્તિ અજમાવતા જોવા મળ્યા હતા.

(૪) ઈ-જર્નલ્સમાંથી મળતી માહિતીનો સૌથી વધુ ૬૩.૬૪% સંશોધકો સંશોધન માટે ઉપયોગ કરતા હતા.

(૫) ૩૬.૩૬% સંશોધકો ઈ-જર્નલ્સના ઉપયોગ દરમ્યાન મુશ્કેલીઓ અનુભવતા હતા જેમાં સૌથી વધુ ૮૧.૨૫% સંશોધકોને જૂના ઈશ્યુનો અભાવની મુશ્કેલી પડતી હતી.

**સંદર્ભસૂચિ**


Kothari, C. R. (2018). *Research methodolgy: Methods and techniques.* New Delhi: New Age International Publishers.

Parmar, Seema (2013). *User awareness and use of electronic journals in technical university libraries of Punjab, Haryana, Chandigarh and Delhi.* (Doctoral dissertation, Kurukshetra University, Kurukshetra, India). Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/9755

Walke, Rajpal (2013). *Use of e-journals by researchers in science and technology: A study of CSIR libraries.* (Doctoral dissertation, University of Delhi, Delhi, India). Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/26627

ઉચાટ .(૨૦૦૪) .દિનેશચંદ્ર એ ,*શૈક્ષણિક સંશોધનનાં સારાંશો* .રાજકોટ.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી :

ઉચાટ .(૨૦૧૨) .દિનેશચંદ્ર એ ,*શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર* .રાજકોટપારસ : .પ્રકાશન

જોધાણી ,વર્ષા કે .(૨૦૧૪) .*ગુજરાત રાજ્યના અનુદાનિત વિશ્વવિદ્યાલયોના વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યાપકો દ્વારા વિજાણુકીય સ્રોતોનો ઉપયોગ*) .મહાશોધનિબંધ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.(ભારત , http://shodhganga.inflibnet.ac.in/handle/10603/75228

દેસાઈ .(૨૦૧૦) .હરિભાઈ જે ,*સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ* .અમદાવાદયુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ